Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-30 | March – April 2018

# ગોંડલ રાજયની શૈક્ષણિક પ્રવૃતિઓ

**પ્રસ્તાવના:**

ઓગણીસમી સદી એ ભારતના ઇતિહાસમાં મહત્વની અને સુધારાઓની સદી ગણવામા આવે છે. આ સદીએ ભારતને આધુનિકયુગમાં પ્રવેશ કરાવ્યો. ઇ.સ. 1807-08 માં થયેલ ‘વોકર કરાર’ અને ઇ.સ. 1820-22 મા રાજકોટમાં બ્રિટિશ એજન્સીની સ્થાપનાથી સૌરાષ્ટ્રમાં સમૃધ્ધિ અને સુધારાના નવા યુગનો પ્રારંભ થયો.

સૌરાષ્ટ્રમાં રાજકીય ક્ષેત્રે સ્થિરતા આવતા દેશી રજ્વાડાઓએ પોતાના રાજ્યની પ્રજા માટે અનેક પ્રકાર ના કલ્યાણકારી કાર્યો કર્યા. રાજ્યની પ્રજાના આરોગ્ય, શિક્ષણ, ન્યાય, ખેતી, વેપાર-ઉદ્યોગ, રેલવે, રસ્તા વગેરે તેમજ સમાજ સુધારણામાં ક્રાંતિકારી પરિવર્તન આણ્યુ હતુ. અહીં સૌરાષ્ટ્રનાં પ્રથમ વર્ગના રાજ્ય ગોંડલમાં શિક્ષણના ક્ષેત્રે થયેલ પ્રગતિની વાત આલેખવાનો ઉપક્રમ રાખ્યો છે.

**ગોંડલ રાજ્યનો સંક્ષિપ્ત ઇતિહાસ:**

ઐતિહાસિક દૃષ્ટિ એ જોતા ગોંડલ ની સૌ પ્રથમ નોંધ દિલ્હીનો સુલ્તાન મહમદ તઘલક ઇ.સ. 1350 માં માંદો પડયો ત્યારે થોડા દિવસ ગોંડલમાં રોકાયો હતો. ત્યારબાદ તે ઉત્તર તરફ રણને માર્ગે થઇને કચ્છ તથા સિંધમાં ગયો હતો.1 બીજી નોંધ ઇ.સ.1584 માં અક્બરના શાસન કાળ દરમ્યાન ગુજરાતના છેલ્લા સુલ્તાન મુઝફ્ફરશાહ ત્રીજાને જૂનાગઢના અમીનખાન ઘોરીએ ગોંડલ મા આશરો આપ્યો હતો એ બાબતની વાત મળે છે.

ગોંડલ રાજયની સ્થાપના રાજકોટ રાજયના સ્થાપક જાડેજા વિભાજીના પુત્ર મહેરામણના પુત્ર કુંભાજી પહેલા એ ઇ.સ. 1658મા કરી હતી. ગોંડલ રાજ્ય એ રાજકોટના જાડેજાવંશની શાખા હતુ. ઇ.સ.1658 થી 1948 સુધી મા કુલ 14 રાજાઓએ ગોંડલ પર શાસન કર્યુ. જેમા કુંભાજી બીજા (ઇ.સ.1753-1790)એ રાજયની સીમાઓ વધારીને ગોંડલ નો દેહ ઘડ્યો2 અને તેરમા રાજ્વી મહારાજા ભગવતસિંહજી (1869-1944) એ તેમા આત્મ પ્રતિષ્ઠા કરી. એમ કહીએ તો તેમા જરાય અતિશ્યોક્તિ નથી.

ગોંડલના પ્રજાવત્સલ રાજ્વી મહારાજા ભગવતસિંહજી નો જન્મ 24 ઓકટોબર 1865 ના રોજ થયો હતો. જન્મના માત્ર ચાર જ વર્ષ બાદ 1869 માં પિતા સંગ્રામજીનુ અવસાન થતા ઠાકોર ભગવતસિંહજી સગીર વયના હોવાથી ગોંડલનો વહીવટ બ્રિટીશ સરકારે પોતાના હસ્તક લીધુ.3 આ દરમ્યાન ઇ.સ. 1875 માં નવ વર્ષની વયે રાજકોટની રાજકુમાર કૉલેજમાં અભ્યાસ માટે દાખલ કરાયા. તેઓ હમેશા પ્રથમ વર્ગ મેળવતા. અભ્યાસની સાથે રમત ગમત, ઉદ્યમ પરાયણતા, ચિત્રકામ, અંગ્રેજી વક્તૃત્વ માટેના વાર્ષિક ઇનામો મેળવતા. ઇ.સ.1883 મા તેમણે યુરોપનો પ્રવાસ કર્યો. જેનાથી તેઓ પશ્ચિમી સંસ્થાઓના સંપર્કમાં આવ્યા અને પ્રભાવિત થયા.

24 ઓગસ્ટ 1885 ના રોજ તેમને રાજયની સંપૂર્ણ સત્તા સોંપવામા આવી. રાજયાભિષેકના પ્રસંગે પ્રજાને વચનો4 આપ્યા હતા કે, "તેઓ રાજયમા ન્યાય, નીતિ અને સુવ્યવસ્થા, જાન માલના રક્ષણ, ખેડૂત કલ્યાણ, વેપાર-ધંધાનો વિકાસ, રસ્તા અને વાહન વ્યવહાર, કેળવણીને ઉતેજન, નિરાધારો અને દર્દીઓને રાહત મળે તેવા પ્રજાવર્ગની જરૂરિયાતને  લક્ષમા લઇ કામ કરશે." તેમના 60 વર્ષના શાસન કાળમા આ વચનો અક્ષરશઃ પાળ્યા હતા. સૌરાષ્ટ્રના દેશી રજવાડાઓમા સૌથી વધારે શિક્ષણ પામેલા અને ડિગ્રીઓ ધરાવતા રાજવી ભગવતસિંહજી હતા. તેમણે ગોંડલને આધુનિક બનાવવા અનેક કાર્યો કર્યા જેમાનુ એક હતુ શિક્ષણનો વિકાસ.

**ગોંડલ રાજયની શૈક્ષણિક પ્રવૃતિઓ:**

સૌરાષ્ટ્રના રાજવીઓ બ્રિટિશ અમલદારો અને પશ્ચિમી સંસ્કૃતિના સંપર્કમાં આવ્યા. પરિણામે તેમનુ દૃષ્ટિ બિંદુ વિશાળ બન્યુ. ભગવતસિંહજી પોતે માનતા હતા કે ''જેમ શારીરિક કસરત શરીર માટે  જરુરી છે, તેમ શિક્ષણ એ મન માટે શક્તિવર્ધક દવા સમાન છે.." તેમણે શિક્ષણ ક્ષેત્રે ઉદાર, ઉમદા અને ઉદ્દાત નીતિ અપનાવી રાજયમા શિક્ષણનો પ્રસાર કર્યો..

**શિક્ષણખાતુ:**

સૌરાષ્ટ્રમા શિક્ષણખાતુ પહેલા અંગ્રેજ સરકારના હાથમાં હતુ. પછીથી તે રાજ્યોને સોંપવામા આવ્યુ .આ ખાતાનો વડો કેળવણી નિરીક્ષક હતો. રાજ્ધાનીના શહેરની હાઇસ્કૂલના હેડમાસ્તરને આ હોદ્દો આપવામા આવતો. ભગવતસિંહજીએ આ ખાતા હેઠળ શિક્ષણનો ખૂબ ફેલાવો કર્યો.

**ફરજિયાત કન્યા કેળવણી:**

ભગવતસિંહજી એવુ માનતા હતા કે, જયા સુધી માતાઓ નિરક્ષર રહે ત્યા સુધી પ્રજામા સંસ્કાર કે સંસ્કૃતિ પ્રત્યે અભિરુચિ આવે નહીં. તેથી તેમણે સમગ્ર ગોંડલ રાજ્યમાં કન્યાકેળવણી મફત અને ફરજિયાત બનાવી એક પ્રકારની સામાજિક-શૈક્ષણિક ક્રાંતિ સર્જી દીધી હતી. ઇ.સ. 1919 માં કન્યા કેળવણીને ફરજિયાત કરનાર સમગ્ર હિંદ મા તેઓ પ્રથમ રાજવી હતા.5

**સંગ્રામજી હાઇસ્કૂલ: મોંઘીબા વિદ્યાલય:**

છપ્પનિયા દુષ્કાળ સમયે (ઇ.સ.1900) લોકોને રોજગારી મળી રહે એ હેતુ થી ગોંડલમાં પિતાના નામે સંગ્રામજી હાઇસ્કૂલ તથા માતા મોંઘીબાના નામે હાઇસ્કૂલ ના ભવ્ય મકાનો બંધાવ્યા હતા.6 1903 માં આ વિદ્યાલય શરુ થયુ. સહુથી સારી વાત તો એ હતી કે મહારાજા સાહેબે પોતાની પુત્રી લીલાબા ને પણ સામાન્ય વિદ્યાર્થીની તરીકે આ શાળામા જ શિક્ષણ અપાવ્યુ હતુ. તેમણે મોટા પગારથી શિક્ષિકાઓ નીમીને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યુ. આ વિદ્યાલય માંથી શિક્ષણ મેળવીને ઇ.સ.1912 મા મેટ્રિક ની પરીક્ષા આપનાર પ્રથમ વિદ્યાર્થીની કુ. મણિબહેન ભીમજીભાઇ વાણિયા હતા.7 1944-45 ના વર્ષમાં ગોંડલ રાજ્યમાં 258 પ્રાથમિક શાળાઓ હતી, જેમા 27,232 વિધાર્થીઓ અભ્યાસ કરતા હતા. રાજ્યમા શિક્ષણ પાછળ 1944 ના વર્ષ મા 4,26,968 રુપિયા નો ખર્ચ થયો હતો.

દુષ્કાળ નિવારણ સમયે ધોરાજી, ઉપલેટા, ભાયાવદર વગેરે ગામોમાં હાઇસ્કુલો બંધાવી હતી. ગોંડલનાં રાજગીતનાં શબ્દોમાંથી જાણવા મળે છે કે, ગોંડલમાં ગામડે ગામડે શાળાઓ હતી.

**“વૃંદાવન શા ગામડા ગુંજે સંસ્કારે સોહાય,**

**ગોંદરે ગોંદરે શારદામંદિર બાલવૃંદ વિલસાય”**

**ગિરાસિયા કોલેજ:-**

ગોંડલમા ગિરાસિયાના કુમારોને આધુનિક પધ્ધતિ પ્રમાણે એમના દરજ્જાને છાજે એવુ શિક્ષણ આપવા માટે રૂપિયા ત્રણ લાખના ખર્ચે આ કોલેજ શરૂ કરવામા આવી. જેનુ ઉદ્દઘાટન લોર્ડ સેન્ડ હર્સ્ટે કર્યુ હતુ.8 ઉદ્દઘાટન પ્રવચનમા તેમણે મહારાજા ભગવતસિંહજીના ભાયાતો પ્રત્યેના પ્રેમ અને કાળજીના વખાણ કર્યા હતા. તો સામે પ્રત્યુતરમા ભગવતસિંહજીએ જણાવ્યુ કે, ”ભૂખમરાથી કોઇ પણ મરી જતુ નથી એ તપાસ રાખવી જેમ નાના મોટા દરેક રાજય ની પવિત્ર ફરજ છે, બલ્કે તેમા તેઓનુ હિત સમાયેલુ છે, તેમ પ્રજાવર્ગનો કોઇપણ ભાગ માનસિક ખોરાક એટલે કે કેળવણી વગર મૃતપ્રાય થતો નથી એ પણ જોતા રહેવાનો દરેકે દરેક રાજયનો ધર્મ છે એમ હુ સમજુ છુ. તેમના આ શબ્દોમાં શિક્ષણ પ્રત્યેની કાળજી અને નિસ્બત દેખાય આવે છે.

**અધ્યાપન મંદિર અને વાચન માળા:-**

પ્રાથમિક શાળાઓ માટે તાલીમ પામેલા શિક્ષકો મળી રહે તે માટે ગોંડલમાં અધ્યાપન મંદિર શરૂ કર્યું. તેમા સ્ત્રી-પુરુષોને તાલીમ અપાતી હતી, રાજ્યમાં અંગ્રેજી શાળાઓ વધારવામાં આવી, તેમજ સંસ્કૃત પાઠશાળાઓ શરૂ થઇ. રાજ્યનાં મુસ્લિમ બાળકોને ઉર્દૂ, અરબી ભાષા તથા કુરાનનુ શિક્ષણ આપવા માટે મદ્રેસાઓની સંખ્યા પણ વધારાઇ હતી.

વિદ્વાન કેળવણીકારો પાસે અંગ્રેજી-ગુજરાતી વાંચનમાળા તૈયાર કરાવી હતી, જેમાં બાળકોને સામાન્ય જ્ઞાનની સાથે સ્વદેશ પ્રેમ અને સ્વધર્મની ભાવના ખીલવે તેવા પાઠોની પસંદગી તથા ખેતી અને વારસાગત વ્યવસાયમાં રસ પડે અને ગ્રામ્ય જીવન રસપ્રદ થાય એવા પાઠો સાદી અને સરળ ભાષામાં મૂકવામાં આવ્યા હતા.

**હુન્નર ઉદ્યોગ શાળા:-**

કેળવણીને પ્રજાની ઉન્નતિનાં અંગ તરીકે ગણનાર મહારાજાએ કલા અને હુન્નર ઉદ્યોગનાં શિક્ષણનુ મહત્વ પારખીને ગોંડલમાં એક હુન્નર ઉદ્યોગ શાળા સ્થાપી. ઇ.સ. ૧૯૦૧-૦૨માં ચિત્રકામના શિક્ષણ માટે ગોંડલમાં આર્ટ સ્કૂલ શરૂ કરવામાં આવી.

**શિષ્યવૃતિ:-**

હોશિંયાર વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની યોજનાં પણ તેમણે શરૂ કરી હતી. કોલેજમાં અભ્યાસ કરતી ગોંડલની કન્યાઓ માટે કુમારી લીલાબાનાં લગ્ન પ્રસંગે શ્રી લીલાબા શિષ્યવૃતિ શરૂ કરવામાં આવી હતી.9 આ ઉપરાંત પણ અન્ય શિષ્યવૃતિઓ વિદ્યાર્થીઓને અપાતી હતી.

**અન્ય શૈક્ષણિક સંસ્થાઓને દાન:-**

ભગવતસિંહજીએ ગોંડલ રાજ્ય બહાર પણ શિક્ષણનાં વિકાસને પ્રોત્સાહન આપ્યુ હતુ. ઇ.સ. 1895માં પુનાની ફર્ગ્યૂસન કોલેજને રૂ. 22500નુ, ઓક્સફર્ડ ઇન્સ્ટિટ્યુટને રૂ. 50000નુ અને લંડનની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટને 4500 પાઉન્ડનુ દાન આપ્યુ હતુ, તેમાથી તે સંસ્થામાં 'ગોંડલ રૂમ' બાંધવામાં આવ્યુ હતુ. આજે પણ ગોંડલના અમુક વિદ્યાર્થીઓ પુનાની ફર્ગ્યૂસન કોલેજમાં મફતમાં રહેવાનો તથા ભણવાનો લાભ મેળવે છે.10 મુંબઇ કેળવણી ફંડમાં 5000, કલકત્તાની ગુજરાતી પ્રજાની કેળવણી માટેની સંસ્થા માટે રૂ. 8000 દાનમાં આપ્યા હતા. બનારસ હિંદુ યુનિવર્સિટીને પણ દાન આપ્યુ હતુ.

**ભગવદ્ ગોમંડલ:-**

ગોંડલ રજય એ પ્રકાશન પ્રવૃતિ પણ સારા પ્રમાણમા કરી.11 ભગવતસિંહજી પોતે સારા લેખક હતા, તેમણે ઇ.સ. 1883માં કરેલા ઇંગ્લેન્ડનાં પહેલા પ્રવાસનુ વર્ણન અંગ્રેજી ભાષામાં કરેલ (The Journal of a Visit to England) ઉપરાંત "આર્યુવેદનો ઇતિહાસ" તથા ગણિત, વિજ્ઞાન, ઇતિહાસ, ભુગોળ, ફારસી, સંસ્કૃત વગેરે વિષયોનાં કુલ ૧૬૧ ગ્રંથો પ્રસિદ્ધ કરાવ્યા હતા. તેમનુ સૌથી અવિસ્મરણીય પ્રદાન તો ગુજરાતી ભાષાનો શબ્દકોશ "**ભગવદ્ ગોમંડલ**" છે. આ કોશમાં કુલ 2,81,373 શબ્દો અને અર્થો સાથે તો આઠ લાખથી પણ વધારે શબ્દો સાથેનો આ કોશ તેમની ચિરંજીવ કૃતિ છે. આ કોશ લખવાની શરૂઆત 1 ઓક્ટોબર 1928 થી કરી અને પચ્ચીસ વર્ષમાં રૂ. 5 લાખનાં ખર્ચે પૂરો થયો. આ ભગીરથ કાર્યમાં તેમના મુખ્ય સહાયક રાજ્યનાં વિદ્યાધિકારી ચંદુલાલ બેચરદાસ પટેલ હતા. તેની પ્રસ્તાવના લખતા ગાંધીજીએ લખ્યુ કે "**પ્રસ્તાવનાં લખવાની મારી શક્તિ નથી. તમારા સાહસથી હુ મુગ્ધ થયો છુ. એથી માતૃભાષાની મોટી સેવા થશે એમ હુ માનુ છુ.**"

**તારતમ્ય:-**

એક વાત તો ચોક્કસ માનવી પડે કે, શાસનધૂરા સંભાળનાર રાજવીનાં જેવા વિચારો અને માન્યતાઓ હોય, રાજ્ય પણ એવુ જ ઘડાય. ગોંડલનાં ઠાકોર સાહેબ સંગ્રામજી તો એટલા મિલનસાર સ્વભાવનાં હતા કે જેથી તેઓ પ્રજામાં ખૂબ માનીતા બની ગયા હતા. તેમણે ગોંડલમાં અંગ્રેજી સ્કૂલ અને આખા રાજ્યમાં ગરીબોનાં બાળકોને મફત શિક્ષણ આપવા ઘણી નિશાળો ખોલી હતી, આવાજ ગુણો મહારાજા ભગવતસિંહજીમાં પણ આવ્યા. તેઓ ખુબજ પરિશ્રમી, સાદાઇ ભર્યા અને કરકસર વાળા રાજવી હતા. 'કેળવણી વડે ક્રાંતિ' લાવવાનાં હિમાયતી હતા.

સૌરાષ્ટ્રનાં દેશી રજવાડાઓમાં સૌથી વધુ ઉચ્ચ શિક્ષણ પામેલા મહારાજા ભગવતસિંહજી અને તેમના પત્ની મહારાણી નંદકુંવરબાએ અનેક વિદેશ પ્રવાસો કર્યા અને ત્યાંની રહેણી કરણી અને પ્રગતિથી પ્રભાવિત થઇ

રાજ્યની સ્ત્રીઓના વિકાસ અને ઉધ્ધાર માટે પડદાપ્રથા બંધ કરાવી12 અને તેમને ફરજિયાત શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરી અને રાજ્યની શાળાઓમાં સહશિક્ષણ શરૂ કર્યું અને જાણે કે નવા જ યુગનો પ્રારંભ થયો. ભગવતસિંહજીના રાજ્યકાળ ના અંતિમ વર્ષ મા ગોંડલ રાજ્યની કન્યાશાળઓ મા 2486 કન્યાઓ શિક્ષણ લેતી હતી.13 આમ કન્યા કેળવણીમા 60 વર્ષમા છ ગણો વધારો થયો હતો.

પોતાના રાજ્યમાં અને રાજ્ય બહાર અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંગઠન સાધી ગોંડલ રાજ્યના વિદ્યાર્થીઓને શિક્ષણની ઉમદા તકો પૂરી પાડી.

25 ઓગસ્ટ 1934નાં રોજ શાસનનાં પચાસ વર્ષ પૂરા થતા સુવર્ણ જયંતિ મહોત્સવની શરૂઆત "શારદોત્સવ" થી કરી.14 આ પ્રસંગે મહિલાઓ તરફથી જે માનપત્ર અપાયુ તે પણ અભિભૂત કરનારૂ છે. શિક્ષણશાસ્ત્રી ગિજુભાઇ અને તારાબેને યોગ્ય જ કહ્યુ હતુ કે, "ગોંડલ રાજ્યમાં કેળવણીની ક્રાંતિ થઇ રહી છે."

શિક્ષણને કારણે શિક્ષિત મધ્યમ વર્ગ નો ઉદય થયો .સમાજ માંથી અંધવિશ્વાસો અને વહેમો દૂર થયા.' પશ્ચિમનું એટલું બધું ખરાબ ' એવી માન્યતા પણ દૂર થઇ. શિક્ષણનાં વિકાસથી વહીવટીતંત્રમા અને દરેક ક્ષેત્રમા પ્રગતિ સધાઇ.

ખરેખર શિક્ષણ દ્વારા જ પ્રજાની ઉન્નતિ અને એ દ્વારા રાજ્યની ઉન્નતિ જોનારા દિર્ઘદ્રષ્ટા મહારાજા ભગવતસિંહજીને માત્ર ભારતનાં જ નહીં પરંતુ અંગ્રેજ શાસકોએ પણ વખાણ્યા છે. ઇ.સ. 1936માં ભારતનાં ગવર્નર જનરલ લોર્ડ વિલિંગ્ડને તો ગોંડલમાં કાયમી રહેઠાણ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, આ બાબતથી જ ગોંડલ રાજ્યની પ્રગતિનો ખ્યાલ મળે છે.

વર્તમાન સમયમાં શિક્ષણનો વ્યાપ વધારવા ઇ.સ. 2000-2001 મા ભારત સરકાર દ્વારા '' સર્વ શિક્ષા અભિયાન '' શરૂ કરાયુ છે. કન્યાઓના શિક્ષણ માટે પણ 'બેટી બચાઓ , બેટી પઢાઓ' અભિયાન ચાલુ છે. શિક્ષણની કથળતી જતી પરિસ્થિતિ અને ખાનગી કરણનાં સમયમાં ગોંડલ જેવા નાના રજવાડામાં શિક્ષણનાં વિકાસ માટેની પ્રવૃતિઓ પરનો આ લેખ શિક્ષણશાસ્ત્રીઓને ઉપયોગી થાય તો આ લેખ લખ્યાનો સંતોષ મળશે.

## પાદનોંધ:

I. નાયક છોટુભાઇ રણછોડજી,' ગુજરાતમાંની ઇસ્લામી સલ્તનત નો ઇતિહાસ', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, પ્રથમ આવૃતિ , ઇ.સ. 1982, પૃ- 43.
II. જાની એસ વી.,'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' અમદાવાદ, પ્રથમ આવૃતિ , ઇ.સ.2003, પૃ-65
III. ખાચર પ્રધુમ્ન ભ.(સંપાદક), 'કાઠિયાવાડ સર્વ સંગ્રહ, જૂનાગઢ, ઇ.સ.2005, પૃ-231.
IV. ભગવત ગોમંડલ,ભાગ-1, દ્વિતીય પુનર્મુદ્રણ , પ્રવિણ પ્રકાશન, રાજકોટ, ઇ.સ. 2007, પૃ- 5
V. જાની એસ વી.,'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' અમદાવાદ, પ્રથમ આવૃતિ , ઇ.સ.2003, પૃ- 382.
VI. ખાચર પ્રધુમ્ન ભ., 'કાઠિયાવાડ ના રાજવીઓ', સણોસરા ઇ.સ. 2005, પ્રથમ આવૃતિ , પૃ- 36.
VII. જાની એસ વી.,'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' અમદાવાદ, પ્રથમ આવૃતિ , ઇ.સ.2003,પૃ- 383.

VIII. ભગવત ગોમંડલ,ભાગ-1, દ્વિતીય પુનર્મુદ્રણ , પ્રવિણ પ્રકાશન, રાજકોટ, ઇ.સ. 2007, પૃ-9
IX. એજન પૃ-11.
X. ખાચર પ્રધુમ્ન ભ., 'કાઠિયાવાડ ના રાજવીઓ' સણોસરા ઇ.સ. 2005, પૃ- 36.
XI. ગુજરાત નો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ -9, અમદાવાદ, પ્રથમ આવૃતિ , ઇ.સ.1987, પૃ-177.
XII. એજન પૃ- 113.
XIII. જાની એસ વી.,'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' અમદાવાદ, પ્રથમ આવૃતિ , ઇ.સ.2003, પૃ-383
XIV. ભગવત ગોમંડલ,ભાગ-1, દ્વિતીય પુનર્મુદ્રણ , પ્રવિણ પ્રકાશન, રાજકોટ, ઇ.સ. 2007, પૃ-14

*************************************************************************

ડો.ઝેનામાબીબી અમુમીયાં કાદરી
આસિસ્ટન્ટ પ્રોફેસર
ઇતિહાસ
મહાદેવ દેસાઇ ગ્રામસેવા સંકુલ

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat